અપીલ અરજી નં.૨૫૧ તા.૭–૧૧–૦૯/૧૦

અરજદારઃ– શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ
સામાવાળાઃ– ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન

**ફરીયાદની હકીકતઃ–**

**વિષય :**– આરટીઆઈ એકટ હેઠળ શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૩૧–૮–૦૯ નીઅરજીથી મે.કમિશનરશ્રીની નોંધ નં.સી.એન/૧૪૫ તા.૩૦–૭–૦૭ ની છે. એવુ અમોને જાણવા મળ્યુ છે અને અરજદારો આધારકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ તેમજ વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ વગેરેઓએ તા.૧૯–૧૦–૨૦૦૬ નાંરોજે સીધાવેરામાં દાખલ કરવા અરજીઓ આપેલ છે. અરજદારોની અરજીઓ પહેલા આવી અને ૯ મહિનાં પછી કમિશ્રનરશ્રીની નોંધ આવી છે અને સુચનો થયેલા છે કે બાયમેટ્રીકસ સર્વે , લોકેશન ૯૧, ફોટા પડાવવા, વગેરે સુચનાઓ ૨૦૦૭ માં આપવામાં આવી છે. ઝુંપડાઓમાં ભાગલા પાડી શકાય નહીં અરજદારની મિલકત લોકેશન ૯૧ માં આવે છે. ઝુંપડપટ્ટીમાં આવે છે. આવા ખોટા બહાના હેઠળ અરજદારોને હેરાન પરેશાન અને ધકકા ખવડાવવામાં આવે છે. ખરી હકીકત શું છે? કમિશનરની નોંધ પહેલા આવી કે, અરજદારોની અરજીઓ પહેલા આવી એની ખરી માહિતીઆપવા બાબત.

**સંદર્ભ :**– અરજદાર મજકુરની તા.૭–૧૧–૦૯ ની અપીલ અરજી નં.૨૫૧/૨૦૦૯–૧૦

શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલની તા.૩૧–૮–૦૯ ની અરજીથી મે.કમિશનરશ્રીની નોંધ નં.સી.એન/૧૪૫ તા.૩૦–૭–૦૭ ની છે. એવુ અમોને જાણવા મળ્યુ છે અને અરજદારો આધારકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ તેમજ વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ વગેરેઓએ તા.૧૯–૧૦–૨૦૦૬ નાં રોજે સીધાવેરામાં નામ દાખલ કરવા અરજીઓ આપેલ છે. અરજદારોની અરજીઓ પહેલા આવી અને ૯ મહિનાં પછી કમિશ્રનરશ્રીની નોંધ આવી છે અને સુચનો થયેલા છે કે બાયમેટ્રીકસ સર્વે , લોકેશન ૯૧, ફોટા પડાવવા, વગેરે સુચનાઓ ૨૦૦૭ માં આપવામાં આવી છે. ઝુંપડાઓમાં ભાગલા પાડી શકાય નહીં અરજદારની મિલકત લોકેશન ૯૧ માં આવે છે. ઝુંપડપટ્ટીમાં આવે છે. આવા ખોટા બહાના હેઠળ અરજદારોને હેરાન પરેશાન અને ધકકા ખવડાવવામાં આવે છે. ખરી હકીકત શું છે? કમિશનરની નોંધ પહેલા આવી કે, અરજદારોની અરજીઓ પહેલા આવી એની ખરી માહિતીઆપવા બાબતે ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોનના પત્ર નં.ઈઝેડ/આરટીઆઈ/૨૪૬ તા.૧૯/૯/૦૯ થી આપેલ માહિતી માંગવામાં આવેલ માહિતી આપવામાં આવેલ ન હોવાનું જણાવી મળેલ પ્ર તિભાવથી નારાજ થઈ એપેલેટ ઓફિસરને તા.૭–૧૧–૦૯ ના રોજ અપીલ કરવામાં આવેલ છે.

જે સંદર્ભે અરજદારની અપીલ અરજીના અનુસંધાને મૂળ અરજીની નકલ, આપેલ માહિતીની નોંધ વિભાગ સહિત નકલ આપવા જોગ પૂરક માહિતીની વિગતો તથા વિલંબ/ વિસંગતતા હોય તો તેની સ્પષ્ટતાસહ પહોંચતી કરવા પત્ર નં.આરટીઆઈ સેલ/૮૮૫ તા.૧૩–૧૧–૦૯ થી ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી વરાછાઝોન તથા અરજદારને દિન–૨૦ ના વિલંબથી અપીલ કરેલ છે. જે અંગે વિલંબના કારણો, વાજબીપણું જણાવવા માટે પત્ર પાઠવવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી પત્ર ન.ઈ.ઝેડ/આરટીઆઈ/આ.નં.૨૪૬ તા.૧૯–૯–૦૯ થી મુળ અરજીની નકલ, તા.૧૯–૯–૦૯ થી અરજદારને પૂરી પાડેલ માહિતીની નકલ પૂરી પાડવામાં આવેલ છે. જયારે અરજદાર તરફથી કોઈ માહિતી અત્રેના વિભાગને મળેલ નથી.

અરજદારની તા.૩૧–૮–૦૯ ની અરજીથી મે.કમિશનરશ્રીની નોંધ નં.સી.એન/૧૪૫ તા.૩૦–૭–૦૭ ની છે. એવુ અમોને જાણવા મળ્યુ છે અને અરજદારો આધારકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ તેમજ વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ વગેરેઓએ તા.૧૯–૧૦–૨૦૦૬ નાં રોજે સીધાવેરામાં નામ દાખલ કરવા અરજીઓ આપેલ છે. અરજદારોની અરજીઓ પહેલા આવી અને ૯ મહિનાં પછી કમિશ્રનરશ્રીની નોંધ આવી છે અને સુચનો થયેલા છે કે બાયમેટ્રીકસ સર્વે , લોકેશન ૯૧, ફોટા પડાવવા, વગેરે સુચનાઓ ૨૦૦૭ માં આપવામાં આવી છે. ઝુંપડાઓમાં ભાગલા પાડી શકાય નહીં અરજદારની મિલકત લોકેશન ૯૧ માં આવે છે. ઝુંપડપટ્ટીમાં આવે છે. આવા ખોટા બહાના હેઠળ અરજદારોને હેરાન પરેશાન અને ધકકા ખવડાવવામાં આવે છે. ખરી હકીકત શું છે? કમિશનરની નોંધ પહેલા આવી કે, અરજદારોની અરજીઓ પહેલા આવી એની ખરી માહિતી માંગવામાં આવેલ. જેના અનુસંધાને જાહેર માહિતી અધિકારી તરફથી ઉપલબ્ધ દફતરી ચકાસણી કરતાં આધાર વિઠ્ઠલભાઈ પાનપાટીલ તથા વિજયકુમાર વિઠ્ઠલભાઈ પાનપાટીલે એક જ ટેનામેન્ટ નંબર ૧૮એફ–૯૧–૪૧૦૧–૦–૧૯૫ ઉપર નામ દાખલ કરવાની અરજી તા.૧૯–૧૦–૦૬ ના રોજ આપવામાં આવેલ જણાય છે જે તે સમયના સર્વેયરે ૧૦' ×૧૦' થી નોંધાયેલ ઝુંપડાના ભાગલા પાડી શકાતા ન હોવાથી સદર અરજીઓ દફતરે કરવામાં આવેલ છે. ત્યાર બાદ મે.કમિશનરશ્રીની નોંધ નં.સી.એન/૧૪૫ તા.૩૦–૭–૦૭ થી સૂચનો બાબતની નોંધ આવેલ છે જે આપની જાણ માટે. એવી માહિતી આપવામાં આવેલ છે. અરજદારે અપીલ અરજીમાં સીધાવેરામાં નામ દાખલ કરવા માટે અરજદારોની અરજીઓ પહેલા આવી છે કે કમિશનરશ્રીની નોંધ જે અંગે જવાબ આપેલ નથી. તેવું જણાવી અપીલ કરેલ છે. અરજદારે વિલંબિત અપીલનું કોઈ વાજબીપણું તક આપવા છતાં રજુ કરેલ નથી. જે ધ્યાને લેતાં કલમ–૧૯(૧) હેઠળ અપીલ પ્રથમદર્શી રીતે ગ્રાહય રાખવા જોગ ઠરે નહીં.

**હુકમ**

અરજદારની મુળ અરજી,અપીલ અરજી તેમજ ઉપલબ્ધ હકીકત ધ્યાને લેતાં નીચે મુજબનો હુકમ કરી અપીલનો નિકાલ કરવામાં આવે છે.

અરજદારની તા.૩૧–૮–૦૯ ની અરજીથી માંગવામાં આવેલી માહિતી જાહેર માહિતી અધિકારી કક્ષાએથી અરજદારને પૂરી પાડવામાં આવેલ છે જેથી માહિતી સબંધે કોઈ હુકમ કરવાનો રહેતો નથી અને અપીલ અરજી દફતરે કરવામાં આવેલ છે .

નં.આરટીઆઈસેલ/
તારીખ : –૧૨ – ૦૯

**ડે.કમિશનર(જનરલ),**
**અને એપેલેટ ઓફિસર**
**સુરત મહાનગર પાલિકા**

**પ્રતિ**

(૧) ઝોનલચીફ અને જાહેર માહિતી અધિકારી (વરાછાઝોન) ... જાણ તથા અમલ માટે
(૨) શ્રી વિઠ્ઠલભાઈ એસ. પાનપાટીલ,